# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.

તા: ૧૯/૧૨/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________

સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**ખેતમજૂરના પરિવારે તેમના પિતાના અંગોનું દાન કરી માનવતા મહેકાવી**

## ઢોડીયા પટેલ સમાજના બ્રેનડેડ મનુભાઈ હીરાભાઈ મહેતાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી સમાજને નવી દિશા બતાવી.

નામ: મનુભાઈ હીરાભાઈ મહેતા ઉ. વ. ૬૭ બ્લડ ગ્રુપ: A +ve

વ્યવસાય: ખેતમજૂર અને પશુપાલન

રહેવાસી: ગામ:ઝેરવાવરા, ઝરી, નિશાળફળીયું, તા: મહુવા, જી:સુરત

કૌટુંબિક વિગત : પત્ની: સ્વ: ખાલપીબેન મનુભાઈ મહેતા

પુત્રો: ૧. મુકેશ મનુભાઈ મહેતા ઉ. વ. ૪૬
ખેતમજૂર અને પશુપાલન

૨. નિલેશ મનુભાઈ મહેતા ઉ.વ. ૪૩
ખેતમજૂર

૩. ભરત મનુભાઈ મહેતા ઉ.વ. ૪૧
ખેતમજૂર-પશુપાલન

૪.જયેશ મનુભાઈ મહેતા ઉ.વ. ૪૦
કડોદરા GEBમાં હેલ્પર તરીકે ફરજ બજાવે છે.

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Toll Free No. : 1800 233 1944
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

રવિવાર તા: ૧૭ ડીસેમ્બરના રોજ મનુભાઈ પોતાને ત્યાંની ગાયને દોહીને, દૂધ બામણીયા ગામે આવેલ દૂધમંડળીમાં દૂધ આપીને પોતાના ઘર તરફ સાયકલ પર પરત ફરી રહયા હતા, ત્યારે બામણીયા ગામ પાસે મહેતા ફળિયા નજદીક એક અજાણ્યા બાઈક ચાલકે મનુભાઈને ટક્કર મારતા તેઓ પોતાની સાયકલ ઉપરથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક મહુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે બારડોલીમાં આવેલ સરદાર સ્મારક હોસ્પીટલ અને ત્યાંથી સુરતમાં આવેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ન્યુરોસાઇન્સ સુરત(INS)માં ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલની સારવાર હેઠળ રાત્રે ૧૦:૩૦ કલાકે દાખલ કરવામાં આવ્યા.

નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.

સોમવાર, તા: ૧૮ ડીસેમ્બરના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ન્યુરોફીજીશીયન ડૉ. મનોજ સત્યવાણીએ મનુભાઈને બ્રેનડેડ જાહેર કરી.

INS હોસ્પીટલના ઈન્ટેન્સીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી મનુભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી મનુભાઈના પુત્રો મુકેશ, નિલેશ અને જયેશને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

મનુભાઈના સૌ પુત્રોએ જણાવ્યું કે આમારા પિતાશ્રી ખુબ સેવાભાવી હતા. અમે થોડાક મહિના પહેલા ટીવી પર સુરત થી મુંબઈ હાર્ટ મોકલ્યું તેના સમાચાર જોયા હતા. આજે જયારે અમારા પિતાજી બ્રેનડેડ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

3...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. વિકાસ પટેલ અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ભાવનગરના રહેવાસી તનસુખ બચુભાઈ ચોપડા ઉ.વ. ૪૧માં અને બીજી કિડની અમદાવાદના રહેવાસી કે.સી.દયાનંદ કુન્ભી કાનન નામ્બીયાર ઉ. વ. ૫૮માં, જ્યારે લિવર ગાંધીનગરના રહેવાસી મહેશ બાબુભાઈ પટેલ ઉ. વ. ૪૭માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહયું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં મનુભાઈના પુત્રો મુકેશ, નિલેશ, ભરત, જયેશ, જમાઈ અશ્વિન, ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ન્યુરોફીજીશીયન ડૉ. મનોજ સત્યવાણી, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જર, INS હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, સેક્રેટરી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૩૪ કિડની, ૯૪ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૬ ચક્ષુઓનો દાન મેળવીને ૫૪૩ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.